ઉત્તરાયણમાં માનવતાનો સંદેશ: સુરત જિલ્લામાં 10 દિવસનું 'કરુણા અભિયાન'

ઘાયલ પક્ષીઓ માટે બચાવ વ્યવસ્થા: 23 સારવાર કેન્દ્ર

પતંગોત્સવ દરમિયાન ઘાયલ પક્ષીઓના બચાવ માટે વન વિભાગની સંવેદનશીલ પહેલ

સુરત: ઉત્તરાયણ પર્વ દરમિયાન પતંગની દોરીથી ઘાયલ થતાં અબોલ પક્ષીઓના જીવ બચાવવા રાજ્ય સરકાર દ્વારા શરૂ કરાયેલ 'કરુણા અભિયાન' અંતર્ગત સુરત જિલ્લામાં તા.૧૦થી ૨૦ જાન્યુઆરી સુધી વિશેષ બચાવ અને સારવાર અભિયાન હાથ ધરવામાં આવશે. આ અભિયાનનો મુખ્ય હેતુ પતંગોત્સવની મજા સાથે માનવતા અને કરુણાનો સંદેશ આપવાનો છે.

સુરત જિલ્લામાં ઘાયલ પક્ષીઓને તાત્કાલિક સારવાર મળી રહે એ માટે 12 કલેક્શન સેન્ટર અને 23 સારવાર કેન્દ્ર કાર્યરત કરવામાં આવ્યાં છે. વન વિભાગ, પશુપાલન વિભાગ તથા નવસારી વેટરિનરી યુનિવર્સિટીના સહયોગથી આ સમગ્ર વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે.

આ અભિયાનમાં 51 અનુભવી વેટરિનરી તબીબો, 17 સ્વૈચ્છિક સંસ્થા (NGO) અને 733 તાલીમપ્રાપ્ત સ્વયંસેવક અબોલ પક્ષીઓની સારવાર અને બચાવ કામગીરીમાં જોડાયા છે.

સુરત જિલ્લા વન સંરક્ષક અધિકારી ધીરજ કુમારે જણાવ્યું કે, છેલ્લાં વર્ષોના અનુભવના આધારે શહેરી વિસ્તારોમાં જ્યાં પક્ષીઓ વધુ પ્રમાણમાં ઘાયલ થાય છે તેવા 'હોટ સ્પોટ્સ' ઓળખી ત્યાં વધારાની કરુણા એમ્બ્યુલન્સ અને સારવાર કેન્દ્રો તૈનાત કરવામાં આવશે, જેથી પક્ષીઓને સમયસર જીવદાયી સારવાર મળી શકે. ઉત્તરાયણની ઉજવણી દરમિયાન એક પતંગ ન ચગાવીને પણ કોઈ અબોલ જીવ બચી શકે છે. આ વિચાર સાથે જિલ્લા વન વિભાગ દ્વારા લોકોને "Give It Up For Life"નો સંદેશ અપાઈ રહ્યો છે. પતંગોત્સવની ખુશી સાથે કરુણાનો ભાવ જોડાય તો જ ઉત્સવનું સાચું મૂલ્ય સાકાર થશે તેમ અધિકારીઓએ જણાવ્યું હતું.

બાળકોમાં કરુણાની ભાવના વિકસાવવાનો પ્રયાસ

'કરુણા અભિયાન'ને માત્ર બચાવ પૂરતું ન રાખતા, આવનારી પેઢીમાં અબોલ જીવ પ્રત્યે સંવેદનશીલતા વિકસે તે માટે શહેર અને જિલ્લામાં આવેલી શાળાઓમાં વિવિધ જાગૃતિ કાર્યક્રમો, પ્રેઝન્ટેશન અને સંવાદ કાર્યક્રમો યોજાશે. બાળકોમાં "જીવન પ્રત્યે સન્માન"ની ભાવના વિકસાવવાનો આ પ્રયાસ મહત્ત્વનો માનવામાં આવે છે.

ચાઇનીઝ માંજા ટાળવા સૂચના અને સવાર-સાંજે પતંગ ન ચગાવવાની સૂચના

વન સંરક્ષક અધિકારીએ જાહેર જનતાને ખાસ અપીલ કરતાં જણાવ્યું કે, ચાઇનીઝ અથવા ગ્લાસ કોટેડ માંજાનો ઉપયોગ સંપૂર્ણપણે ટાળવો, સૂર્યોદય અને સૂર્યાસ્તના સમયે, જ્યારે પક્ષીઓ ખોરાક માટે ઉડાન ભરે છે, ત્યારે પતંગ ન ચગાવવી, અને કોઈપણ ઘાયલ પક્ષી દેખાય તો તરત જ જિલ્લા વાઈલ્ડ લાઈફ હેલ્પલાઈન નંબર: ૯૯૦૯૭-૩૦૦૩૦ પર જાણ કરવી.

કોટનબેગ વેન્ડિંગના ભ્રષ્ટાચારના પુરાવા મંગાયા

ઓલપાડમાં પ્લાસ્ટિક મુક્ત અભિયાન હેઠળ કોટન બેગ વેન્ડિંગ મશીન ખરીદીમાં ભ્રષ્ટાચારની તપાસ શરૂ

કોંગ્રેસના મહામંત્રી દર્શનભાઈ નાયકની રજૂઆત બાદ વિજિલન્સ વિભાગ સક્રિય

સુરત: સુરત જિલ્લાના ઓલપાડ તાલુકામાં રાજ્ય સરકારના પ્લાસ્ટિક મુક્ત અભિયાન અંતર્ગત કોટન (કાપડની) બેગ વેન્ડિંગ મશીનોની ખરીદી પ્રક્રિયામાં થયેલી ગંભીર બેદરકારી અને ભ્રષ્ટાચારના આરોપોને લઈને હવે તપાસ શરૂ કરવામાં આવી છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી દર્શન નાયકે આ મામલે ગુજરાત સરકારના મુખ્યમંત્રી તેમજ તપાસ વિભાગ (વિજિલન્સ) સમક્ષ વિગતવાર રજૂઆત કરતા વિભાગ દ્વારા પ્રાથમિક તપાસ શરૂ કરવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, તપાસ વિભાગના અધિકારીઓએ દર્શન નાયકને આ મામલે વધુ પુરાવા અને દસ્તાવેજો રજૂ કરવા જણાવ્યું છે. કોંગ્રેસ તરફથી તપાસમાં સંપૂર્ણ સહકાર આપવાની ખાતરી આપવામાં આવી છે. તપાસ આગળ વધતા આ મુદ્દે વધુ ખુલાસા થવાની શક્યતા છે. રાજ્ય સરકાર દ્વારા પર્યાવરણ સંરક્ષણ અને પ્લાસ્ટિકના ઉપયોગમાં ઘટાડો લાવવા માટે આ અભિયાન શરૂ કરાયું હતું.

જો કે, કોટન બેગ વેન્ડિંગ મશીનોની ખરીદીમાં કથિત અનિયમિતતાઓ સામે આવતા અભિયાનની વિશ્વસનીયતા પર ગંભીર પ્રશ્નચિહ્ન ઊભું થયું છે. જનહિતના હેતુથી શરૂ કરાયેલા કાર્યક્રમમાં ભ્રષ્ટાચારના આરોપોથી જનતાનો વિશ્વાસ ડગમગ્યો છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિએ આ મુદ્દે શરૂઆતથી જ અવાજ ઉઠાવ્યો છે અને જવાબદાર અધિકારીઓ તથા સંડોવાયેલા વ્યક્તિઓ સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે. જાહેર નાણાંનો દુરુપયોગ થયો હોય તો દોષિતોને સજા મળે તે અનિવાર્ય હોવાનું કોંગ્રેસનું કહેવું છે.

કોંગ્રેસના મહામંત્રી દર્શન નાયકે જણાવ્યું હતું કે, આ મામલે વહેલી તકે પારદર્શી અને નિષ્પક્ષ તપાસ કરવામાં આવે તે જરૂરી છે, જેથી ભ્રષ્ટાચાર પર અંકુશ આવી શકે અને પ્લાસ્ટિક મુક્ત ગુજરાતના અભિયાનને વાસ્તવિક અર્થમાં સફળતા મળી શકે.

હિનિષાબેને 6000 વિધવાને અરજી વિના જ સહાય આપી હતી

કર્મઠ નાયબ મામલતદાર હિનિષાબેનના આપઘાતથી મહેસૂલી તંત્રમાં શોક અને હડકંપ

ઓલપાડમાં વિધવા સહાય અને અંત્યોદય કાર્ડ માટેની ઐતિહાસિક કામગીરી અવિસ્મરણીય

સુરત: ઓલપાડ પ્રાંતમાં વર્ષ ૨૦૧૭ દરમિયાન ફરજ બજાવનાર અને સામાજિક કલ્યાણની દિશામાં નોંધપાત્ર કામગીરી કરનાર હિનિષાબેનના આપઘાતની ઘટના સામે આવતા સમગ્ર મહેસૂલી તંત્રમાં શોક અને હડકંપ મચી ગયો છે. ગઇકાલે હિનિષાબેન પોતાના ઘરે ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હોવાનું જાણવા મળ્યું છે. તેમના આ અચાનક અને દુ:ખદ અવસાનથી અધિકારી વર્ગ સહિત સર્વત્ર દુ:ખની લાગણી વ્યાપી ગઈ છે.

હિનિષાબેન જ્યારે ઓલપાડમાં નાયબ મામલતદાર તરીકે ફરજ બજાવતા હતા ત્યારે તેમણે હળપતિ સમાજની ૬૦૦૦થી વધુ વિધવા બહેનોને અરજી કર્યા વગર જ વિધવા સહાય મંજૂર કરાવવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. માત્ર સહાય મંજૂર કરવી જ નહીં, પરંતુ આ તમામ લાભાર્થી બહેનોને કાયમી ધોરણે અંત્યોદય રેશનકાર્ડ અપાવવા તેમજ પોસ્ટ ઓફિસમાં ખાતાં સ્થળ પર જ ખોલાવી આપવા માટે તેમણે પોતાની ટીમ સાથે મળીને અસરકારક અને માનવસેવી કામગીરી કરી હતી. આવી હકારાત્મક અને જનહિતલક્ષી ટીમ એફર્ટના પરિણામે ઓલપાડ પ્રાંતને તત્કાલિન મુખ્યમંત્રી સ્વ.વિજય રૂપાણીની ઉપસ્થિતિમાં "ગોલ્ડન બુક ઓફ એવોર્ડ"થી સન્માનિત કરવામાં આવ્યો હતો. ભારતના ઇતિહાસમાં પ્રથમ વખત કોઈ પ્રાંતને આ પ્રકારનું સન્માન મળ્યું હોવાનું કહેવાય છે, જે ઓલપાડ માટે ગૌરવની બાબત બની હતી.

આવી કર્મઠ, સંવેદનશીલ અને કાર્યદક્ષ અધિકારી હિનિષાબેનના આપઘાતની ઘટનાએ અનેક પ્રશ્નો ઉભા કર્યા છે. તેઓએ આવું આત્યાંતિક પગલું કેમ ભર્યું તે અંગે હાલ કોઈ સ્પષ્ટ કારણ સામે આવ્યું નથી. ઘટનાની જાણ થતા સંબંધિત તંત્ર દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળે છે. હિનિષાબેનની સેવાઓ અને તેમની સામાજિક પ્રતિબદ્ધતા આજે સૌ યાદ કરી રહ્યા છે.

જનહિત માટે સતત કાર્યરત રહેનાર અધિકારીના આ અણધાર્યા અવસાનથી મહેસૂલી વિભાગે એક નિષ્ઠાવાન કર્મયોગી ગુમાવ્યો હોવાનું સહકર્મીઓ અને અધિકારીઓ કહી રહ્યા છે.

દાલ-ચાવલ ગેંગ સામે ગુજસીટોક દાખલ

ગેંગ ઉન-ભેસ્તાનમાં આતંકનો પર્યાયી બની ગઇ છે

સુરત:શહેરના ઉન અને ભેસ્તાન વિસ્તારમાં સક્રિય દાલ-ચાવલ ગેંગ સામે ગુજસીટોક દાખલ કરવામાં આવ્યો છે.

શહેરના ઉન વિસ્તારમાં અલ ખલીલ ટી સેન્ટર પર થયેલા લોહિયાળ હુમલાના કેસમાં કુખ્યાત દાલ ચાવલ ગેંગ સામે ભેસ્તાન પોલીસે ગુજસીટોક હેઠળ કાર્યવાહી હાથ ધરી છે. આ ગેંગના સૂત્રધાર ઈમરોજ ઉર્ફે દાલ ચાવલ મજીદ અંસારી સહિત ચાર આરોપીઓની અટકાયત કરવામાં આવી છે.થોડા સમય અગાઉ ઉનના ભીંડી બજાર નજીક આવેલા અલ ખલીલ ટી સેન્ટર પર બે યુવકોને મળવાના બહાને બોલાવવામાં આવ્યા હતા. ત્યાં શકીલ ઉર્ફે બાંગાની હત્યા કરી નાંખવામાં આવી હતી.

તપાસ દરમિયાન ખુલ્યું હતું કે દાલ ચાવલ ગેંગ લાંબા સમયથી ઉન, ભેસ્તાન, પાંડેસરા સહિતના વિસ્તારોમાં હત્યા, લૂંટ, ચોરી, ચેઇન સ્નેચિંગ અને ધાકધમકી જેવી ગંભીર ગુનાહિત પ્રવૃત્તિઓમાં સંડોવાયેલી હતી. ગેંગ સામે અલગ-અલગ પોલીસ મથકોમાં અસંખ્ય ફરિયાદો નોંધાયેલી હતી. .પોલીસ દ્વારા ઉનમાં મુજમીન નગર ખાતે રહેતા ઈમરોજ ઉર્ફે દાલ ચાવલ મજીદ અંસારી (૨) સલામન ઉર્ફે લસ્સી સલીમ મિર્જા (રહે. આઝાદ ચોક પતરાની ચાલ, ઈસ્લામી ચોક, મીઠીખાડી) (૩) શહારૂખ મજીદ અંસારી (રહે. મુજમીનગર, ભિંડી બજાર ઉન) અને (૪) અરબાજ ઉર્ફે બાબા યય્યા પઠાણ (રહે. સોએબ નગર -બી, ઉન) ને ઝડપી પાડીને ગુજસીટોક હેઠળ કાર્યવાહી કરવામાં આવી છે.

ઉન-ભેસ્તાનની ગેંગનો ગુનાહિત ઇતિહાસ

ગેંગના મુખ્ય આરોપી ઈમરોજ ઉર્ફે દાલ ચાવલ મજીદ અંસારી સામે પાંડેસરા, ખટોદરા, ઉધના, ભેસ્તાન અને સચીન પોલીસ મથકોમાં કુલ ૧૬ ફરિયાદો નોંધાયેલી છે. એટલું જ નહીં, ઈમરોજને અગાઉ બે વખત પાસા અને તડીપાર પણ કરવામાં આવ્યો હતો. બીજી તરફ ગેંગના અન્ય કુખ્યાત આરોપી સલમાન ઉર્ફે લસ્સી સલીમ મિર્ઝા સામે લિંબાયત, ડિંડોલી, પાંડેસરા, ભેસ્તાન અને મરોલી પોલીસ મથકોમાં કુલ ૧૮ ગુનાઓ નોંધાયેલા છે. આ ઉપરાંત શાહરૂખ મજીદ અંસારી, અરબાઝ અને સોએબ સામે પણ અલગ-અલગ ગુનાઓમાં ફરિયાદો દાખલ થયેલી હોવાનું પોલીસે જણાવ્યું છે.

અટોદરા ચોકડીથી કરમલા માર્ગ પર ભારે વાહનો માટે પ્રતિબંધ

અસ્નાબાદ માઈનોર નહેર પર બોક્સ કલ્વર્ટના કામને લઈ ૨૯ જાન્યુઆરી સુધી જાહેરનામું બહાર પડાયું

સુરત: અટોદરા ચોકડીથી કરમલા તરફના માર્ગ પર અસ્નાબાદ માઈનોર નહેર ઉપર બોક્સ કલ્વર્ટ બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવનાર હોવાથી, કાયદો અને જાહેર વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે હેતુસર અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ વિજય રબારીએ જાહેરનામું પ્રસિદ્ધ કર્યું છે. આ જાહેરનામા મુજબ ૨૯ જાન્યુઆરી, ૨૦૨૬ સુધી આ માર્ગ પર ભારે વાહનો તેમજ માલવાહક વાહનોની અવર-જવર પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

જાહેરનામા અનુસાર, અટોદરા ચોકડીથી કરમલા તરફ જવા ઈચ્છતા ભારે અને માલવાહક વાહનચાલકો માટે વૈકલ્પિક માર્ગોની વ્યવસ્થા કરવામાં આવી છે. જેમાં શેરડી - વસવારી - દેલાડ - સાયણ માર્ગ, શેરડી - માસમા - ઓલપાડ માર્ગનો ઉપયોગ કરવા માટે સૂચના આપવામાં આવી છે. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા બહાર પાડવામાં આવેલા આ હુકમનો ભંગ કરનાર સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે અને દંડાત્મક શિક્ષાને પાત્ર બનવું પડશે તેવી ચેતવણી પણ આપવામાં આવી છે. પ્રશાસન દ્વારા નાગરિકો અને વાહનચાલકોને અપીલ કરવામાં આવી છે કે, નિર્ધારિત સમયગાળા દરમિયાન ટ્રાફિક નિયમોનું પાલન કરી સહયોગ આપવો, જેથી વિકાસકાર્ય સમયસર અને સલામત રીતે પૂર્ણ કરી શકાય.

ગુજરાતના બજેટનું કદ વધીને 4.25 લાખ કરોડ સુધી પહોંચશે

રાજ્યમાં પેટ્રોલિયમ પેદાશો, તમાકુ સહિતના ભાવો વધવાની સંભાવના

રાજ્ય સરકાર બજેટની વધતી જોગવાઈઓમાં આવક વધારવા ફટાકડા, પાર્ટી પ્લોટના ગરબા સહિતની સેવાઓ પર સેસ ઝીંકે તેવી વકી

નવા કરવેરા કે અન્ય મોટી રાહત મળવાની શક્યતા નહીંવત, લોકોની ખરીદશક્તિ વધવાથી GSTમાં ઘટાડો છતાં સરકારની આવક નહીંવત ઘટી

ગાંધીનગર: ગુજરાત સરકારના સામાન્ય અંદાજપત્રનું કદ છેલ્લા દસકામાં વિક્રમગતિએ વધતું રહ્યું છે. છેલ્લા પાંચ વર્ષના આંકડા જોતાં આ કદ બમણું થવા જઇ રહ્યું છે. રાજ્ય વિધાનસભાના ફેબ્રુઆરી 2026ના મધ્યમાં રજૂ થનારા નાણાકીય વર્ષ 2026-27ના સામાન્ય અંદાજપત્રના કદમાં અંદાજે 15 ટકાનો વધારો જોતાં તેનું કદ 4.25 લાખ કરોડ સુધી પહોંચે તેવી સંભાવના છે.

રાજ્યના નાણામંત્રી કનુભાઇ દેસાઇ નવા વર્ષનું બજેટ રજૂ કરવા જઇ રહ્યાં છે ત્યારે આ વખતે કોઇ નવા કરવેરા કે મોટી રાહત મળવાની સંભાવના તો દેખાતી નથી પરંતુ તમાકુ, પેટ્રોલિયમ પેદાશો, ફટાકડા, પાર્ટી પ્લોટના ગરબા, સલુન તેમજ કેટલીક સર્વિસિઝ ઉપર સેસ નાંખવામાં આવે તેવા અણસાર પ્રાપ્ત થયાં છે.

નાણાં વિભાગના ઉચ્ચ અધિકારીના જણાવ્યા પ્રમાણે ઔદ્યોગિક રીતે વિકસતા જતાં ગુજરાતમાં વિભાગ પ્રમાણે બજેટ જોગવાઇઓ વધી શકે છે. ખાસ કરીને શિક્ષણ, આરોગ્ય અને શહેરી વિકાસ વિભાગને સૌથી વધુ ફાળવવણી આ વખતે પણ ચાલુ રાખવામાં આવશે.

નાણાં વિભાગના સૂત્રોના જણાવ્યા પ્રમાણે કેન્દ્ર સરકારે ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સમાં આપેલી છૂટના કારણે રાજ્ય સરકારની આવકમાં ચોંકાવનારો ઘટાડો થવાની સંભાવના હતી, પરંતુ લોકોની ખરીદશક્તિ વધતાં જીએસટી આવકને ખૂબ ઓછું નુકશાન જોવામાં આવી રહ્યું છે.

આ વખતે ગુજરાતનું બજેટ 15 ટકા વધે તેવી શક્યતા, 4.25 લાખ કરોડની ઉપર પહોંચશે

ગુજરાતનું વર્તમાન નાણાકીય વર્ષનાં બજેટનું કદ 370250 કરોડ જેટલું છે, પરંતુ દર વર્ષે થઇ રહેલા વધારાને જોતાં આગામી વર્ષે પણ બજેટના કદમાં વધારો તોળાઇ રહ્યો છે. ટોચના સૂત્રો 15 ટકા જેટલો વધારો હોવાનો ઇશારો કરી રહ્યાં હોવાથી 55 હજાર કરોડનો વધારો જોવામાં આવી રહ્યો છે. દેશના અન્ય રાજ્યોની સરખામણીએ ગુજરાતમાં શહેરીકરણનો વ્યાપ ખૂબ ઝડપથી વધી રહ્યો હોવાથી સરકાર ઉપર સંખ્યાબંધ પડકારો છવાયેલા છે. ચાલુ વર્ષે સ્થાનિક સ્વરાજ્યની સંથાઓની ચૂંટણીઓ આવતી હોવાથી નાગરિકોની સુખાકારીમાં વધારો કરવા કેટલીક જોગવાઇઓનો સમાવેશ કરવામાં આવશે. નાણાં વિભાગના એડિશનલ ચીફ સેક્રેટરી ડો. ટી. નટરાજને ગત સપ્ટેમ્બર મહિનાથી સામાન્ય અંદાજપત્રની તૈયારીઓ શરૂ કરી હતી, જે જાન્યુઆરી આવતાં સુધીમાં તેના અંતિમ તબક્કામાં છે. સચિવાલયના વિભાગોમાં બેક ટુ બેક મિટીંગો અણસાર આપી જાય છે કે વિભાગોના ઉચ્ચ અધિકારીઓ બજેટની તૈયારીમાં વ્યસ્ત છે.

નાણાકીય વર્ષ	બજેટનું કદ (કરોડમાં)
2025-26	370250
2024-25	332465
2023-24	301021
2022-23	243964
2021-22	227029

અનુસંધાન ... પાના પહેલાનું

રખડતા કૂતરા કરડશે...

તેમ જસ્ટિસ નાથે જણાવ્યું હતું. જસ્ટિસ મહેતાએ જસ્ટિસ નાથના વિચારો સાથે સહમતી દર્શાવતા કહ્યું, જ્યારે શ્વાન 9 વર્ષના બાળક પર હુમલો કરે ત્યારે કોને જવાબદાર ગણવા જોઈએ? તે સંસ્થાને જે તેમને ખવડાવી રહી છે તેને? તમે ઈચ્છો છો કે અમે આ સમસ્યા પ્રત્યે અમારી આંખો બંધ કરી લઈએ. સર્વોચ્ચ અદાલત તેના 7 નવેમ્બર, 2025 ના આદેશમાં ફેરફાર કરવાની માંગ કરતી કેટલીક અરજીઓની સુનાવણી કરી રહી હતી, જેમાં સત્તાવાળાઓને સંસ્થાકીય વિસ્તારો અને રસ્તાઓ પરથી આ રખડતા પ્રાણીઓને હટાવવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. ગયા વર્ષે ૨૮ જુલાઈના રોજ એક મીડિયા રિપોર્ટના આધારે સર્વોચ્ચ અદાલતે જાતે જ સંજ્ઞાન (suo motu) લઈને આ કેસની સુનાવણી હાથ ધરી છે. આ રિપોર્ટમાં રાષ્ટ્રીય રાજધાનીમાં રખડતા કૂતરાઓના કરડવાથી થતા હડકવાના કેસો, ખાસ કરીને બાળકોમાં વધતા કિસ્સાઓ અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી.

ક્વિક-કોમર્સમાં...

બાદ લીધો હતો. માંડવિયાએ ગયા અઠવાડિયે બ્લિંકિટ, ઝેપ્ટો, ઝોમેટો અને સ્વિગી સહિતના અગ્રણી પ્લેટફોર્મ્સ સાથે ડિલિવરીની સમયમર્યાદાને લગતી ચિંતાઓને દૂર કરવા માટે એક બેઠકની અધ્યક્ષતા કરી હતી. સૂત્રોએ વધુમાં ખુલાસો કર્યો હતો કે બ્લિંકિટે પહેલેથી જ આ નિર્દેશ પર કાર્યવાહી કરી છે અને તેના બ્રાન્ડિંગમાંથી 10-મિનિટની ડિલિવરીનું વચન હટાવી દીધું છે.

આ પગલાનો ઉદ્દેશ ગિગ વર્કર્સ માટે વધુ સુરક્ષા, સલામતી અને કામ કરવાની સુધારેલી સ્થિતિ સુનિશ્ચિત કરવાનો છે. આ ફેરફારના ભાગરૂપે, બ્લિંકિટે તેના બ્રાન્ડ મેસેજિંગમાં ફેરફાર કર્યો છે. કંપનીની મુખ્ય ટેગલાઈન 10,000+ પ્રોડક્ટ્સ 10 મિનિટમાં ડિલિવર થી બદલીને 30,000+ પ્રોડક્ટ્સ તમારા ઘરઆંગણે ડિલિવર કરવામાં આવી છે. 10-મિનિટની ડિલિવરીના વચનને કારણે ગિગ વર્કર્સ 2025 ના નવા વર્ષની પૂર્વસંધ્યાએ દેશવ્યાપી હડતાળ પાડી હતી, જેણે કામદારોના સ્વાસ્થ્ય, સુરક્ષા અને આવકની સમસ્યાઓ તરફ ધ્યાન દોર્યું હતું. આપ પક્ષના નેતા અને રાજ્યસભાના સાંસદ રાઘવ ચઢ્ઢાએ જણાવ્યું હતું કે તેઓ ક્વિક કોમર્સ પ્લેટફોર્મ્સ પરથી 10-મિનિટની ડિલિવરી બ્રાન્ડિંગ હટાવવા માટે કેન્દ્ર સરકારના સમયસરના, નિર્ણાયક અને કરુણાપૂર્ણ હસ્તક્ષેપ બદલ આભારી છે. ચઢ્ઢાએ X પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, આ એક અત્યંત જરૂરી પગલું છે કારણ કે જ્યારે રાઇડરના ટી-શર્ટ/જેકેટ/બેગ પર '10 મિનિટ' લખેલું હોય અને ગ્રાહકની સ્ક્રીન પર ટાઈમર ચાલતું હોય, ત્યારે દબાણ વાસ્તવિક, સતત અને જોખમી હોય છે. આ પગલું ડિલિવરી રાઇડર્સ અને આપણા રસ્તાઓનો ઉપયોગ કરનાર દરેકની સુરક્ષા સુનિશ્ચિત કરવામાં મદદ કરશે.

ઇરાન સાથે વેપાર...

તાજેતરના વર્ષોમાં ઈરાનના પાંચ સૌથી મોટા વેપારી ભાગીદારોમાં સામેલ રહ્યું છે. અમેરિકાએ પહેલેથી જ ભારત પર 50 ટકા ટેરિફ લાદી દીધો છે, જે વિશ્વમાં સૌથી વધુ છે, જેમાં દિલ્હી દ્વારા રશિયન ઊર્જાની ખરીદી માટેના 25 ટકા ટેરિફનો પણ સમાવેશ થાય છે.

તેહરાન સ્થિત ભારતીય દૂતાવાસના જણાવ્યા અનુસાર, ઈરાનમાં ભારતની મુખ્ય નિકાસમાં ચોખા, ચા, ખાંડ, ફાર્માસ્યુટિકલ્સ (દવાઓ), માનવસર્જિત સ્ટેપલ ફાઈબર્સ, ઇલેક્ટ્રિકલ મશીનરી અને આર્ટિફિશિયલ જ્વેલરીનો સમાવેશ થાય છે. જ્યારે ઈરાનથી ભારતની મુખ્ય આયાતમાં ડ્રાય ફ્રૂટ્સ, અકાર્બનિક/કાર્બનિક રસાયણો અને કાચના વાસણોનો સમાવેશ થાય છે. ઓઝર્વેટરી ઓફ ઈકોનોમિક કોમ્પ્લેક્સિટી (OEC) ના ડેટા મુજબ, વર્ષ 2023માં ભારતથી ઈરાન ખાતેની નિકાસ કુલ 1.19 અબજ ડોલર હતી, જ્યારે ઈરાનથી ભારત ખાતેની આયાત કુલ 1.02 અબજ ડોલર રહી હતી.

વર્ષ 2023 દરમિયાન, ભારતથી ઈરાનમાં થયેલી મુખ્ય નિકાસમાં ચોખા (734 મિલિયન ડોલર), સોયાબીન મીલ (96.8 મિલિયન ડોલર) અને કેળા (52 મિલિયન ડોલર) મુખ્ય હતા. ઈરાનથી ભારતમાં થયેલી મુખ્ય આયાતમાં એસિક્લિક આલ્કોહોલ ડેરિવેટિવ્ઝ (309 મિલિયન ડોલર) નો સમાવેશ થાય છે.

ભારત પર 575%...

તાજેતરની જાહેરાત મુજબ, ઈરાન સાથે વેપાર કરનાર દેશો પર લાદવામાં આવેલો નવો ટેરિફ.

» **મૂળભૂત ટેરિફ (25%):** અમેરિકા દ્વારા અન્ય ભારતીય ઉત્પાદનો પર લાદવામાં આવતી સામાન્ય જકાત.

ટેરિફ આદેશથી...

સાથે વેપાર કરતા કોઈપણ દેશે વોશિંગ્ટન સાથેના તેના વેપાર પર ૨૫ ટકા ટેરિફ ચૂકવવો પડશે, આ પગલાથી તેહરાનના મુખ્ય વેપારી ભાગીદારો ભારત, ચીન અને યુએઈ પર અસર થઈ શકે છે.

ફેડરેશન ઓફ ઇન્ડિયન એક્સપોર્ટ ઓર્ગેનાઇઝેશન્સ (એફઆઈઈઓ)એ જણાવ્યું હતું કે, ભારતીય કંપનીઓ અને બેંકો ઈરાન પર ઓએફએસી (ઓફિસ ઓફ ફોરેન એસેટ્સ કંટ્રોલ)ના પ્રતિબંધોનું સંપૂર્ણ અને સ્પષ્ટપણે પાલન કરી રહી છે, જે સ્પષ્ટ રીતે પરવાનગી આપેલ માનવતાવાદી વેપારમાં, મુખ્યત્વે ખાદ્ય અને ફાર્માસ્યુટિકલ્સમાં સામેલ છે.

નવેમ્બર ૨૦૧૮માં યુએસના ટ્રેઝરી વિભાગના ઓએફએસી દ્વારા લાદવામાં આવેલા અગાઉના પ્રતિબંધોને કારણે ભારત અને ઈરાન વચ્ચે દ્વિપક્ષીય વેપારમાં તીવ્ર ઘટાડો થયો હતો.

જોકે, એફઆઈઈઓના ડિરેક્ટર જનરલ અજય સહાયે જણાવ્યું હતું કે, આ મુદ્દો ભારતને અસર કરશે કે કેમ તે અંગેની કોઈપણ અસ્પષ્ટતાને દૂર કરવા માટે એક સ્પષ્ટીકરણ જરૂરી છે.

ઈરાનમાં રક્તપાત:...

અરાગચીએ કહ્યું છે કે તેઓ અમેરિકી દૂત સ્ટીવ વિટકોફ સાથે સંપર્કમાં છે.

ગુરુવારે રાત્રે બાહ્ય દુનિયાથી સંપર્ક તૂટી ગયા બાદ ઈરાનીઓના ફોન કોલ્સે ત્યાંના જીવનની એક ઝલક પૂરી પાડી હતી. સાક્ષીઓએ મધ્ય તેહરાનમાં ચુસ્ત સુરક્ષા બંદોબસ્ત, સળગાવવામાં આવેલી સરકારી ઈમારતો, તોડફોડ કરાયેલા એટીએમ અને રસ્તાઓ પર જૂજ લોકોની અવરજવર હોવાનું વર્ણન કર્યું હતું. દરમિયાન, લોકો આગળ શું થશે તે અંગે ચિંતિત છે, જેમાં સંભવિત હુમલાઓની આશંકા પણ સામેલ છે. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે તેઓ શાંતિપૂર્ણ પ્રદર્શનકારીઓના બચાવ માટે સૈન્યનો ઉપયોગ કરી શકે છે. ટ્રમ્પે એમ પણ કહ્યું છે કે ઈરાન વોશિંગ્ટન સાથે મંત્રણા કરવા ઈચ્છે છે.

ઇરાનમાં ૧૨ હજારની...

ઉમરના યુવાનો હતા એમ જણાવાયું છે. રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે મોટાભાગની હત્યાઓ 'રિવોલ્યુશનરી ગાર્ડ્સ' અને 'બસીઝ ફોર્સ' દ્વારા ગોળી મારીને કરવામાં આવી છે અને આ બધું સુપ્રીમ લીડર અલી ખામેનેઇના આદેશ પર થયું છે એવો દાવો કરવામાં આવ્યો છે કે મોટાભાગની હત્યાઓ 8 અને 9 જાન્યુઆરીની રાત્રે થઈ હતી. સરકાર ઇન્ટરનેટ અને કોમ્યુનિકેશન ઠપ કરીને પોતાના ગુના દુનિયાથી છુપાવી રહી છે.

"હિંમત ન હારશો, મદદ...

અઠવાડિયે કહ્યું હતું કે ઇસ્લામિક રિપબ્લિક પર હુમલો કરવાની તેમની ધમકી પછી ઈરાન વોશિંગ્ટન સાથે વાટાઘાટો કરવા માંગે છે. જો કે, સોશિયલ મીડિયા પરના તેમના તાજેતરના સંદેશ સાથે, ટ્રમ્પ ઈરાની સરકાર સાથે જોડાવાની તેમની ઈચ્છા અંગે અચાનક બદલાવ કરતા જોવા મળ્યા હતા. ટ્રમ્પે સોશિયલ મીડિયા પર પ્રદર્શનકારીઓને સમર્થન આપતા 'MIGA' (Make Iran Great Again) નો નારો આપ્યો છે અને ઈરાની અધિકારીઓ સાથેની તમામ બેઠકો રદ કરી "મદદ આવી રહી છે" તેવો સંદેશ આપ્યો છે. તેમણે કહ્યું, ""ઈરાની દેશભક્તો, વિરોધ પ્રદર્શન ચાલુ રાખો - તમારી સંસ્થાઓ પર કબજો મેળવો!!! હત્યારાઓ અને અત્યાચાર કરનારાઓના નામ સાચવી રાખજો. તેઓએ આની મોટી કિંમત ચૂકવવી પડશે. જ્યાં સુધી પ્રદર્શનકારીઓની આ અંધાધૂંધ હત્યાઓ બંધ નહીં થાય, ત્યાં સુધી મેં ઈરાની અધિકારીઓ સાથેની તમામ બેઠકો રદ કરી દીધી છે. મદદ આવી રહી છે. MIGA (ઈરાનને ફરી મહાન બનાવો)!!!"

દિલ્હી ડાયરી...

ટ્રમ્પના વ્યવસાયિક ભાગીદાર ઝહરી વિટકોફે પાકિસ્તાનની મુલાકાત લીધી. બાદમાં ટ્રમ્પે મુનીરનું મહેમાન તરીકે સ્વાગત કર્યું.

2025માં ચીન ભારત માટે એક મોટો ખતરો

નવા બહુધ્રુવીય વિશ્વમાં ભારત એક અનોખું સ્થાન ધરાવે છે. દોસ્તીનો દેખાડો છતાં 2025માં ચીન એક મોટો ખતરો બની રહ્યું છે અને આ પરિસ્થિતિ નવા વર્ષમાં પણ ચાલુ રહેવાની શક્યતા છે. આ ખતરો એ સંદર્ભમાં છે કે, ચીન પાકિસ્તાનનું મુખ્ય લશ્કરી સપ્લાયર છે અને આપણા સરહદી પ્રદેશ પર શત્રુતાપૂર્ણ દાવો કરે છે. ગયા નવેમ્બરમાં નિકાસમાં થયેલા સર્વકાલીન ઉચ્ચ સ્તર અને 2025માં પ્રભાવશાળી આર્થિક વિકાસ દ્વારા અમેરિકા સાથે ટેરિફ સોદા પર મડાગાંઠ અંગેની સાચી આગાહીઓ ખોટી સાબિ